:: એલોટમેન્ટનો દસ્તાવેજ ::

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી) તાલુકા સાબરમતી (જુના અમદાવાદ પશ્ચિમ) ના ગામ મોજે પાલડીની સીમમાં **" ક્રાફટ અનંતા "** ના નામથી ઓળખાતી સ્કીમમાં આવેલ .... ફલોરનો ફલેટ નંબર. .... ની મીલકતનો એલોટમેન્ટનો દસ્તાવેજ રૂા................../- અંકે રૂપીયા .... પુરાનો.

---

pdfMachine - is a pdf writer that produces quality PDF files with ease!
Get yours now!
"Thank you very much! I can use Acrobat Distiller or the Acrobat PDFWriter but I consider your product a lot easier to use and much preferable to Adobe's" A.Sarras - USA

એકતરફવાલા :-- **અનંતા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી**
એલોટમેન્ટ કરનાર :-- **લીમીટેડ**

જે સોસાયટી સહકારી ગહમંડળીઓના કાયદા અન્વયે નોંધાયલે ગૃહમંડળી છે. જેનો રજીસ્ટર્ડ નંબર. ઘ-૪૫૮૫ તા.૧૪-૧૦-૧૯૭૧ છે. જેના વતી અને તરફથી તેના **ચેરમેન** જયંતિભાઈ ખીમજીભાઈ પટેલ પુખ્તવયના, ધર્મે હીન્દુ, રહે, અનંતા એપાર્ટમેન્ટ, માણેકબાગ હોલની સામે, આંબાવાડી, અમદાવાદનાં.

જેમને હવે પછી આ દસ્તાવેજમાં અમો એકતરફવાલા અગર એલોટમેન્ટ કરનાર એ રીતે સંબોધેલ છે. જેના અર્થમાં એકતરફવાલા મજકુર સોસાયટીનો તથા તેના હાલના તથા વખતો વખતના ચેરમેન, સેક્રેટરી, સભાસદો, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

બીજીતરફવાલા :--
એલોટમેન્ટ મેળવનાર :--
સભ્ય :--

૧)
PAN :
પુખ્તવયના, ધર્મે હીન્દુ, રહે,

૨)
PAN :
પુખ્તવયના, ધર્મે હીન્દુ, રહે,

જેમને હવે પછી આ દસ્તાવેજમાં તમો બીજીતરફવાલા એલોટમેન્ટ મેળવનાર અગર સભ્ય એ રીતે સંબોધેલ છે. જેના અર્થમાં બીજીતરફવાલાનો તથા તેમનાં વંશ, વાલી, વારસો, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, સકસેસરો, એસાઈનીઓ વિગેરે તમામનો સમાવેશ થાય છે.

pdfMachine - is a pdf writer that produces quality PDF files with ease!
Get yours now!
"Thank you very much! I can use Acrobat Distiller or the Acrobat PDFWriter but I consider your product a lot easier to use and much preferable to Adobe's" A.Sarras - USA

ત્રીજીતરફવાલા :-- Kraft Constructions

ડેવલોપર્સ :-- PAN : AAPFK 2854 F

એ નામની ભાગીદારી પેઢી જેની ઓફીસ, ૫૦૧, દેવઆશીષ બીઝનેસ પાર્ક, ક્રિષ્ના કોમ્પલેક્ષ સામે, બોડકદેવ, અમદાવાદમાં આવેલ છે. જેના વતી અને તરફથી તેના વ.ક. ભાગીદાર **દેવર્ષી પ્રજ્ઞેશભાઈ પટેલ** પુખ્તવયના, ધંધો વેપાર, ધર્મે હીન્દુ, ઠેકાણું, ૫, પટેલ કોલોની, માણેકબાગ હોલ સામે, આંબાવાડી, અમદાવાદનાં.

જેમને હવે પછી આ દસ્તાવેજમાં ત્રીજીતરફવાલા ડેવલોપર્સ એ રીતે સંબોધેલ છે. જેના અર્થમાં ત્રીજીતરફવાલાનો તથા તેમનાં ત્રીજીતરફવાલા હાલના તથા વખતો વખતના ભાગીદારો તથા તેમના વંશ, વાલી, વારસો, વિગેરે તમામનો સમાવેશ થાય છે.

(જત)

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી) તાલુકા સાબરમતી (જુના અમદાવાદ શહેર પશ્ચિમ તાલુકા) નાં ગામ મોજે પાલડીની સીમના ટી.પી.સ્કીમ નંબર. ૨૧, ફા.પ્લોટ નંબર. ૫૨૦ ચો.વાર. ૧૭૨૯ ની બીનખેતીની જમીનમાં અનંતા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ આવેલ છે. જે માણેકબાગ હોલની સામે, આંબાવાડી, અમદાવાદમાં આવેલ છે. જુનું નામ **"અનંતા એપાર્ટમેન્ટ"** હતું. જે હવેથી નવું ઓળખ માટેનું નામ **"ક્રાફટ અનંતા"** નકકી કરેલ છે. તેમાં .... ફલોરનો ફલેટ નંબર. ..... ચોરસમીટર. ..... **જેના ચોરસવાર.** ..... કારપેટ એરીયાના બાંધકામવાલી મીલકત તથા વણ વહેંચાયેલ જમીનના વરાડે હકક સહીત. જેને હવે પછી આ એલોટમેન્ટના દસ્તાવેજમાં "મજકુર મીલકત" એ રીતે પણ સંબોધેલ છે.

મજકુર ફાઈનલ પ્લોટ વાલી જમીન તેના માલીકોની પાસેથી અનંતા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડએ અલગ અલગ વેચાણ દસ્તાવેજોથી

pdfMachine - is a pdf writer that produces quality PDF files with ease!
Get yours now!
"Thank you very much! I can use Acrobat Distiller or the Acrobat PDFWriter but I consider your product a lot easier to use and much preferable to Adobe's" A.Sarras - USA

વેચાણ લઈ તેના વેચાણ દસ્તાવેજ અમદાવાદના મહેરબાન સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં નોંધાયેલ છે આમ ત્યારથી મજકુર જમીન મજકુર સોસાયટીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલી. અને સોસાયટીએ તેના સભાસદો માટે અમદાવાદ મ્યુ.કોર્પોરેશનમાં પ્લાન પાસ કરાવી સભાસદો માટેના અઢાર ફલેટોનું બાંધકામ કરાવેલ. તે બાંધકામ જુનું જીર્ણ હાલતનું હોઈ સોસાયટીએ તેની જનરલ મીટીંગમાં સર્વાનુમતે ઠરાવ કરી તમામ સભાસદોની સંમતિથી નવું બાંધકામ કરવાનું નકકી કરેલ. તે અંગેનો ઠરાવ સોસાયટીમાં કરેલ છે.

મજકુર બીજીતરફવાલા સોસાયટી તથા તેના સભાસદોએ તેઓના જુના ફલેટસ જીર્ણ હાલતના થયેલા હોવાથી તેમજ પાર્કીગની અગવડ હોવાથી જુનાં બાંધકામવાલા ૧૮ (અઢાર) ફલેટસ તોડીને નવું બાંધકામ કરવાનું નકકી કરેલ. અને તે બાબતના અવાર નવાર ઠરાવો કરેલ છે. અને તે ઠરાવો મુજબ સોસાયટીએ રી-ડેવલપમેન્ટ કરવાનું નકકી કરેલ છે.

બીજીતરફવાલા સોસાયટી તેમજ તેના સભાસદો સમય ફાળવી નવું બાંધકામ કરાવવા સમર્થ ન હોવાથી સોસાયટીના સભ્યોએ તેવા કામકાજ કરવા સારૂ યોગ્ય તેમજ બાંધકામના જાણકાર વ્યકિતઓ તથા તેઓની પેઢીના ભાગીદારો સાથે વાતચીત કરેલ અને તેમાં સવાનુમતે ઠરાવ કરી તેવું કામ કરવા અંગે ત્રીજીતરફવાલાની નિમણુક કરેલ.

ત્રીજીતરફવાલાએ જુના બાંધકામ તોડી નવા બાંધકામવાલા ૪૨ (બેતાલીસ) ફલેટસ કરવાનું નકકી કરેલ છે. અને એ રીતે નકકી થયા મુજબ સોસાયટીના સભ્યોએ તથા સોસાયટીએ ચો.મી. ૧૭૨૯ ની જમીનમાં ૧૮ (અઢાર) ફલેટસ હોવાથી દરેક ફલેટસના ફાળે જમીનમાં હીસ્સો આવતો. જે હીસ્સો નવા થનાર બાંધકામથી ૪૨ (બેતાલીસ) ફલેટસ થતા દરેક ફલેટના વરાડે જમીનમાં હીસ્સો ઓછો થશે તેની માહીતી તમામ સભ્યોને આપેલ છે. અને ડેવલોપર્સ તે મુજબ સ્થળ ઉપર બાંધકામ કરેલ છે. તે અંગે ત્રીજીતરફવાલા ડેવલોપર્સને તેઓના ખર્ચે ડેવલપ કરવા યાને સોસાયટી વતી ફકત ડેવલપમેન્ટ કરવાનું કામ સોંપવા માટેનો એક ડેવલપમેન્ટનો કરાર તા.૨-૧૨-૨૦૧૫ ના રોજ અ.નં. ૯૪૩૭ થી અમદાવાદ-૪ (પાલડી) ના મે.સ.ર.સાહેબની કચેરીમાં રજીસ્ટર્ડ કરાવેલ છે. જેમાં સ્ટેમ્પ ડયુટી જંત્રી મુજબ રૂા.૧૭,૧૯,૬૦૦/- પુરા વાપરેલ છે. અને તે મુજબ સ્થળ ઉપર ડેવલપની

pdfMachine - is a pdf writer that produces quality PDF files with ease!
Get yours now!
"Thank you very much! I can use Acrobat Distiller or the Acrobat PDFWriter but I consider your product a lot easier to use and much preferable to Adobe's" A.Sarras - USA

સઘળી કામગીરી કરવા ત્રીજીતરફવાલા હકકદાર છે. પરંતુ જમીનની માલીકી એકતરફવાલા સોસાયટીની રહેશે. તે અંગે ફકત ડેવલપમેન્ટના હકકો ત્રીજીતરફવાલાને પ્રાપ્ત થયેલ છે. તે આધારે આ વેચાણ દસ્તાવેજમાં ત્રીજીતરફવાલા ડેવલોપર્સ પક્ષકાર તરીકે સામેલ થયેલા છે. તેમજ બાંધકામ અંગેનો તમામ ખર્ચા ત્રીજીતરફવાલા ડેવલોપર્સએ કરેલ હોઈ નકકી થયા તેમજ ડેવલપમેન્ટ કરાર મુજબ ત્રીજીતરફવાલાના ફાળે આવતા ફલેટ પૈકીના મજકુર મીલકતના આ એલોટમેન્ટના દસ્તાવેજનો બીજીતરફવાલા તથા ત્રીજીતરફવાલા લખી આપે છે અને નકકી થયા મુજબ તમામ અવેજ ત્રીજીતરફવાલાએ સ્વીકારેલ છે. મજકુર મીલકતના અંગે પ્લાન પાસ અમદાવાદ મ્યુ.કોર્પોરેશનએ Case No. ______________________ Rajachitthi No. __________ _______________ થી તા. - -૨૦૧૬ ના રોજ કરેલ છે.

એકતરફવાલા સોસાયટીના મજકુર મીલકત સ્કીમના બાંધકામના પ્લાન, વિકાસ પરવાનગી / રજાચીઠ્ઠી, બ્રોચર, બીજીતરફવાલાને બતાવવામાં આવેલ છે. અને બીજીતરફવાલાએ મજકુર સોસાયટીમાં અત્રે નીચે લખેલ મીલકતનું આજઅગાઉ બુકીંગ કરાવેલ છે.

બીજીતરફવાલાને એકતરફવાલાએ એલોટ કરેલ મજકુર મીલકતની કિંમત રૂા......................./– અંકે રૂપીયા .... પુરા નકકી કરેલ છે. તે ઉપરાંત મજકુર ફલેટની મીલકતના અનુસંધાને મ્યુ.કોર્પોરેશન ચાર્જીસ, મેઈટેનન્સ ચાર્જીસ, નળ કનેકશન ખર્ચ, લાઈટ કનેકશન તથા શેરફાળાની રકમ પણ બીજીતરફવાલાએ એકતરફવાલાને ઉપરોકત રકમમાં ચુકવેલ નથી. જે અલગથી ચુકવવાની રહેશે.

:: અવેજની વિગત ::

રૂા.

----

pdfMachine - is a pdf writer that produces quality PDF files with ease!
Get yours now!
“Thank you very much! I can use Acrobat Distiller or the Acrobat PDFWriter but I consider your product a lot easier to use and much preferable to Adobe's" A.Sarras - USA

એ રીતે રૂા...................../- અંકે રૂપીયા ....
.... પુરા ત્રીજીતરફવાલાને પહોંચી ચુકયા છે. જેની ત્રીજીતરફવાલા આથી પહોંચ સ્વીકારીએ છીએ. એકતરફવાલા સોસાયટી કોઈપણ પ્રકારનો અવેજ લેતા નથી.

એકતરફવાલા તથા ત્રીજીતરફવાલાએ મજકુર મીલકતનો શાંત ખાલી અને પ્રત્યક્ષ કબજો આજરોજ બીજીતરફવાલાને સુપ્રત કરેલ છે. અને જે કબજો બીજીતરફવાલાએ સંભાળી લીધેલ છે. અને મજકુર એકતરફવાલા સોસાયટીએ રૂા.૫૦/- નો એક એવા કુલ પાંચ શેર્સ કુલ રૂા.૨૫૦/- ના એલોટ બીજીતરફવાલાને એલોટ કરવાના છે.

મજકુર એકતરફવાલાએ મજકુર મીલકત કોઈને કોઈપણ પ્રકારે લખી આપી બોજામાં કે જોખમમાં મુકેલ નથી. તેમજ તેના ઉપર કોઈના જામીન થયા નથી. તેમજ મજકુર મીલકત ઉપર કોઈ બેંક, ફાઈનાન્સ, પેઢી કે વ્યકિત પાસેથી લોન લીધેલ નથી. તેમજ મજકુર મીલકત નીચેની જમીન અગર તેનો કોઈપણ ભાગ એકવીઝીશન, રેકવીઝીશન કે રીઝર્વેશનમાં નથી. તેમજ મજકુર મીલકત ઉપર કોઈ કોર્ટનો મનાઈહુકમ નથી. તેમજ મજકુર મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો બોજો કે ખોરાકી પોશાકી કે રહેઠાણ અંગેનો હકક નથી. તેમજ મજકુર મીલકત અંગે કોઈને કોઈપણ પ્રકારના ખાનગી કે નોંધાયેલા કરાર, બાનાખત, બાનાચીઠી કે અન્ય કોઈપણ પ્રકારના લખાણ કરી આપેલા નથી.

એ રીતે મજકુર મીલકતના માલીકી હકકો સંપુર્ણપણે ચોખ્ખા અને વેચાણપાત્ર છે. તેમજ ત્રીજીતરફવાલા ડેવલોપર્સએ તેઓને ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ આધારે મળતા હકકો આધારે મજકુર મીલકત કોઈને કોઈપણ પ્રકારે લખી આપી નથી. તેમજ તેના ઉપર કોઈનો બોજો નથી. એકતરફવાલા વધુમાં બીજીતરફવાલાને ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ આપે છે કે, નીચે પરીશીષ્ટમાં વર્ણવેલી મીલકત બીજીતરફવાલાને હરેક પ્રકારના ઉપયોગ માટે એલોટ કરવાનો એકતરફવાલાને પુરતો હકક અને સંપુર્ણ અધિકાર છે. જેથી તે પોતાના સંપુર્ણ હકક અને અધિકારથી બીજીતરફવાલાને એલોટ કરેલ છે.

એકતરફવાલા આથી વધુ ખાત્રી અને બાંહેધરી આપે છે કે, મજકુર

pdfMachine - is a pdf writer that produces quality PDF files with ease!
Get yours now!
"Thank you very much! I can use Acrobat Distiller or the Acrobat PDFWriter but I consider your product a lot easier to use and much preferable to Adobe's" A.Sarras - USA

નીચે પરીશીષ્ટમાં વર્ણવેલી મીલકતના અમારા ટાઈટલ્સ તદન ચોખ્ખા અને મારકેટેબલ છે. અને મજકુર મીલકત તદન બીનજોખમી અને નાકરજી છે. તે પરત્વે એકતરફવાલા સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો કે અલાખો નથી. અને તેવો પાકો ભરોસો અને વિશ્વાસ એકતરફવાલાએ બીજીતરફવાલાને આપી મજકુર મીલકત અમોએ તમોને આ એલોટમેન્ટના દસ્તાવેજથી એલોટ કરેલ છે.

મજકુર મીલકત બીજીતરફવાલા આ એલોટમેન્ટના દસ્તાવેજના આધારે તમામ મ્યુ.કોર્પોરેશન રેકર્ડ તથા ઈલેકટ્રીક કંપનીમાં તમારા નામે ચઢાવી લેશો અને તેમાં અમો એકતરફવાલાના જવાબો, સહીઓ, સંમતિઓ, અરજીઓ, સોગંદનામા વિગેરેની જરૂર પડે તો તે અમો એકતરફવાલા કરી આપીશું.

મજકુર મીલકતને લગતા તમામ પેપર્સ જેવો કે પ્લાન પાસની કોપી, સોસાયટીના નામના વેચાણ દસ્તાવેજોની ઝેરોક્ષ કોપી, ૭/૧૨ ના ઉતારાની નકલ, એન્ટ્રીની નકલો, વિજય પટેલ એન્ડ એસોસીએટસ ઠે. શગુન કોમ્પલેક્ષ, નવરંગપુરા, અમદાવાદનાં વતી એડવોકેટશ્રી વિજય પટેલનું ટાઈટલ, ડેવલપમેન્ટ એગ્રીમેન્ટની કોપી, સોસાયટીના ઠરાવો, બાંધકામની રજાચીઠી વિગેરે તમામ કાગળો એકતરફવાલા તથા ત્રીજીતરફવાલાએ તમો બીજીતરફવાલાને સોંપેલ છે. એ સીવાય કોઈ કાગળ કે દસ્તાવેજ અમારી પાસે નથી કે અમોએ કોઈને આપેલ કે સોંપેલ નથી.

મજકુર મીલકત અંગેના મ્યુ.ટેક્ષ, ઈલેકટ્રીક બર્નીગ, મેઈટેનન્સ એલોટમેન્ટ તારીખથી બીજીતરફવાલાએ ભરવાના રહેશે. મજકુર સોસાયટીમાં સભ્ય બનનાર તમામે એકતરફવાલા સોસાયટીના નિતી–નીયમો તથા ઠરાવોનું પાલન કરવાનું રહેશે. અને કોમન એમેનીટીઝ જેવી કે કોમન પાર્કીગ, કોમન લીફ્ટ, કોમન ટેરેસ, કોમન બોરવેલ અને વોટરટેન્ક, સીકયુરીટી ચાર્જીસ, મેઈન્ટેનન્સ કે રીપેરીંગ ખર્ચ જે કાંઈ આવે તે વરાડે ચુકવવાનું રહેશે. ત્રીજીતરફવાલા પ્રભુવન બીલ્ડકોનના પ્રોપરાઈટર જયેશભાઈ પટેલ પાર્કીગ અંગે જે વ્યવસ્થા કરશે તે પ્રમાણે બીજીતરફવાલા ઉપયોગ કરવાનો રહેશે. જે અંગે એકતરફવાલા સોસાયટીએ સહકાર આપવાનો રહેશે.

મજકુર સ્કીમમાં આવેલ પાણીની અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ પાણીની ટાંકીઓમાંથી પાણીની પાઈપ લાઈન લેવા, ગટર, સુએઝ, ઈલેકટ્રીક લાઈન, ટી.વી.લાઈન, ટેલીફોન લાઈન, વિગેરે લાવવા લઈ જવાની વ્યવસ્થા, કોમન લાઈટો, વિગેરે તમામ

pdfMachine - is a pdf writer that produces quality PDF files with ease!
Get yours now!
“Thank you very much! I can use Acrobat Distiller or the Acrobat PDFWriter but I consider your product a lot easier to use and much preferable to Adobe's" A.Sarras - USA

સુવિધાઓ વાપરવાનો હકક તથા સ્કીમમાની અન્ય સહવપરાશની વસ્તુઓમાં વગર વહેંચાયેલ વરાડે પડતો અમો એકતરફવાલાએ તમો બીજીતરફવાલાને આ અલોટમેન્ટના દસ્તાવેજથી આપેલ છે. તમે જ તેના માસીક અગર વાષિર્ક મેઈન્ટનેન્સ વિગેરે માટે જે ખર્ચ નકકી કરવામાં આવે તે ખર્ચ એલોટમેન્ટ મેળવનારે વરાડે પડતો ભોગવવાનો રહેશે અગર તેઓની જમા મેઈનટેનન્સ ડીપોઝીટમાંથી વરાડે લેવાના રહેશે.

મજકુર નીચે પરીશીષ્ટમાં જણાવેલ મીલકત અંગે તેના લાગતા વળગતા તમામ હકકો જેવા કે પડોશ હકક, તેને લગતા રસ્તાના હકકો, પાણીના નીકાલના હકકો વીગેરેનો ઉપીયોગ કે ઉપભોગ બીજીતરફવાલા કે બીજીતરફવાલાનાં વંશ, વાલી, વારસો, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ, સકસેસરો, નોકરો, કોન્ટ્રાકટરો, એજન્ટો વીગેરે તેમના હરેક કામો માટે હરેક પ્રકારે કરી શકે છે. અને તેવા તમામ હકકો આ એલોટમેન્ટના દસ્તાવેજથી અમોએ તમોને આપેલા છે.

મજકુર " **ક્રાફટ અનંતા** " ના નામમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો નથી. તેમજ તેના કલર સ્કીમ કે એલીવેશનમાં કોઈપણ પ્રકારનો ચેન્જ કરવાનો નથી. તેમજ એલીવેશન બગડે તેવા કોઈ વેધરશેડ, બાલ્કની કવર કે તેવા પ્રકારનું કોઈપણ ચેન્જ બીજીતરફવાલા એલોટમેન્ટ મેળવનાર કે જુના ફલેટના સભાસદો માલીકો હકકદાર નથી. તેમજ કોમન ટેરેસ ઉપર મોબાઈલ ટાવર કે અન્ય કોઈપણ પ્રકારના ફ્રીકવન્સી રીસીવર મુકવાના નથી.

મજકુર " **ક્રાફટ અનંતા** " માં મીલકત ખરીદનારે તથા મુળ/જુના સભાસદોએ ત્રીજીતરફવાલા ડેવલોપર ધ્વારા આપવામાં આવતી લકઝુરીયસ કોમન ફેસીલીટીઝ / કોમન એમીનીટીઝ / કોમન સગવડો અંગે વખતો વખત થતા ખર્ચાઓ તેમજ રીપેર ભોગવવાના રહેશે. તેમજ મેઈટેનન્સ અંગેની ડીપોઝીટ ઉપરાંકત માસીક કે વાર્ષિક મેઈટેનન્સ નકકી થાય તે મુજબ આપવાની રહેશે.

મજકુર " **ક્રાફટ અનંતા** " માં મીલકત ખરીદનારે વિન્ડો માટેની ગ્રીલ બનાવવી હોય તો ફકત અંદરની બાજુએ ત્રીજીતરફવાલા ડેવલોપર્સએ આર્કીટેક પાસેથી તૈયાર કરેલ ડિઝાઈન મુજબ બનાવવાની રહેશે. તે સીવાયની ડિઝાઈનનો ઉપયોગ કરતા સભાસદને સોસાયટી અટકાવી શકશે. તેમજ પાર્કીગ અંગે ત્રીજીતરફવાલા

pdfMachine - is a pdf writer that produces quality PDF files with ease!
Get yours now!
"Thank you very much! I can use Acrobat Distiller or the Acrobat PDFWriter but I consider your product a lot easier to use and much preferable to Adobe's" A.Sarras - USA

ડેવલપર જે કાંઈ લે-આઉટ નકકી કરે તે માન્ય રાખવાનો રહેશે. ઉપરોકત હેતુ સ્કીમને વેલમેઈનટેઈન રાખવા માટેનો છે. જે દરેક જુના ફલેટના માલીકો તથા નવા થનાર ફલેટના સભ્યોને લાગુ પડશે.

મજકુર " **ક્રાફટ અનંતા** " માં મીલકત તમામ સભાસદોએ ફકત રહેણાંકના હેતુ માટે ઉપયોગ કરવાનો છે. તેમજ સભાસદો તેઓનાં યુનીટ અન્યને ભાડે આપે તેવા વ્યકિતએ પણ ફકત રહેણાંક તરીકે ઉપયોગ કરવાનો રહેશે. તેમજ કોઈ સભાસદોએ મીલકત ભાડે આપતા પહેલા સોસાયટીની લેખીત સંમતિ અરજી કરી ભાડુઆતની ઓળખ આપી સંમતિ મેળવવાની રહેશે અને ફેમીલી વાલા વ્યકિતને ભાડે આપવાને હકકદાર રહેશે એટલે કે મીલકતો પી.જી./હોસ્ટેલ તરીકે ઉપયોગ કરવાને કોઈપણ સભાસદ હકકદાર નથી.

મજકુર " **ક્રાફટ અનંતા** " માં કોઈપણ સભાસદ તેઓની મીલકત વેચાણ કરવી હોય તેવા સમયે સોસાયટીને જાણ કરવાની રહેશે. તેમજ સોસાયટીની સંમતિ મેળવવાની રહેશે. તેમજ સોસાયટીના લેવાની નીકળતી બાકીની રકમો ચુકતે ભરપાઈ કરીને મીલકત વેચાણ કરવાને હકકદાર રહેશે.

મજકુર " **ક્રાફટ અનંતા** " માં વાપરવામાં આવેલ મટીરીયલસ જેવા કે લીફટ, સ્ટીલ, સીમેન્ટ, બ્રીકસ, ડોર-વીન્ડો, હાર્ડવેર, પ્લમ્બીંગ મટીરીયલસ, સેનેટરીવેર્સ, ફલોરીંગ, તેમજ બાથરૂમ ટાઈલ્સ વિગેરે ત્રીજીતરફવાલાએ સારી ગુણવતાનું આપેલ છે. જે બીજીતરફવાલા એલોટમેન્ટ મેળવનારે જોઈ તપાસી ખાત્રી કરીને મજકુર ફલેટનું બુકીંગ કરાવેલ છે. તેમજ મજકુર મીલકતને લગતા તમામ પેપર્સ જાણકાર વ્યકિત પાસે બીજીતરફવાલા એલોટમેન્ટ મેળવનારે ચકાસાવેલ છે.

મજકુર એલોટમેન્ટના દસ્તાવેજનો સ્ટેમ્પ, રજી.ફી, વકીલ ફી, ટાઈપીંગ વિગેરે તમામ ખર્ચ બીજીતરફવાલાએ ભોગવેલ છે.

મજકુર સોસાયટીના તમામ સભાસદોએ આ એલોટમેન્ટ કરવા અંગે તેની સાધારણ સભાની મીટીંગમાં તા........................ ના રોજ ઠરાવ કરી ચેરમેનને સત્તા આપેલ છે. તે આધારે આ એલોટમેન્ટનો દસ્તાવેજ કરી આપેલ છે.

pdfMachine - is a pdf writer that produces quality PDF files with ease!
Get yours now!
“Thank you very much! I can use Acrobat Distiller or the Acrobat PDFWriter but I consider your product a lot easier to use and much preferable to Adobe's" A.Sarras - USA

મજકુર મીલકતનો સમાવશે સરકારશ્રીએ જાહેર કરલે અશાતં વિસ્તારમાં થતો નથી. જેથી અશાંત વિસ્તાર ધારા હેઠળ પરવાનગી મેળવવાની જરૂર નથી.

પ રી શી ષ્ટ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી) તાલુકા સાબરમતી (જુના અમદાવાદ શહેર પશ્ચિમ તાલુકા) નાં ગામ મોજે પાલડીની સીમના ટી.પી.સ્કીમ નંબર. ૨૧, ફા.પ્લોટ નંબર. ૫૨૦ ચો.વાર. ૧૭૨૯ ની બીનખેતીની જમીનમાં અનંતા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ આવેલ છે. જે માણેકબાગ હોલની સામે, આંબાવાડી, અમદાવાદમાં આવેલ છે. જુનું નામ "અનંતા એપાર્ટમેન્ટ" હતું. જે હવેથી નવું ઓળખ માટેનું નામ **"ક્રાફટ અનંતા"** નકકી કરેલ છે. તેમાં .... ફલોરનો ફલેટ નંબર. ..... ચોરસમીટર. ..... જેના ચોરસવાર. ..... કારપેટ એરીયાના બાંધકામવાલી મીલકત જેનો ફલેટસની તમામ જમીનમાં વણ વહેંચાયેલ હકક હીસ્સો પોષાય છે.

જેના ખુંટચારની વિગત જે :--

પુર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

એ રીતેના નંબર માપ તથા ખુંટચાર વચલી મીલકત.

એ રીતેનો આ એલોટમેન્ટનો દસ્તાવેજ આપણે સર્વે પક્ષકારોએ આપણી રાજીખુશીથી તથા અકકલ હોંશીયારીથી વાંચી, વંચાવી, સમજી, વિચારી કોઈના કોઈપણ જાતના દાબ-દબાણમાં આવ્યા સીવાય સભાન અવસ્થામાં કરેલ છે. જે એકતરફવાલાને તથા એકતરફવાલાના હાલના તથા વખતો વખતના ચેરમેનને તેમજ બીજીતરફવાલા, ત્રીજીતરફવાલા તથા તેમના વંશ વાલી વારસો એકઝીકયુટરો વિગેરે તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

pdfMachine - is a pdf writer that produces quality PDF files with ease!
Get yours now!
"Thank you very much! I can use Acrobat Distiller or the Acrobat PDFWriter but I consider your product a lot easier to use and much preferable to Adobe's" A.Sarras - USA

આજરોજ તારીખ. .... માહે .... સને ૨૦૧૬ ના દિને શહેર અમદાવાદ મધ્યે કરેલ છે.

એકતરફવાલા એલોટમેન્ટ કરનાર :--

અનંતા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી
લીમીટેડના વતી અને તરફથી તેના
ચેરમેન જયંતિભાઈ ખીમજીભાઈ પટેલ --------------------

ત્રીજીતરફવાલા ડેવલોપર્સ :--

Kraft Constructions એ નામની
ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના
વ.ક. ભાગીદાર **દેવર્ષી પ્રજ્ઞેશભાઈ પટેલ** --------------------

ઉપરનાં સર્વેએ તેમનું મતુ નીચે જણાવેલ
બે શાક્ષીઓ રૂબરૂ કરેલ છે.

શાક્ષીઓ :--

૧) ------------------

૨) ------------------

pdfMachine - is a pdf writer that produces quality PDF files with ease!
Get yours now!
"Thank you very much! I can use Acrobat Distiller or the Acrobat PDFWriter but I consider your product a lot easier to use and much preferable to Adobe's" A.Sarras - USA